જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૩૦/૧૨/૨૦૨૪ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૯૦ વ્યક્તિઓને ઝડપી, ૨૧૭ લીટર દેશી દારૂ, ૪૫૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૯૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ લકઝરી બસ, ૨ સ્કુટર અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૧૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯૨૦/૨૦૨૪

**શાહીબાગઃ** વિનોદકુમાર શાકળચંદ શાહ (ઉ.વ.૫૭) (રહે. કૃષ્ણનિવાસ બંગ્લોઝ જૈન દેરાસર પાછળ સુર સાગર એપાર્ટમેન્ટ સામે મણીનગર રેલવે સ્ટેશન રોડ મણીનગર) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૨૦૨૪ રાતના ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ હનુમાન કેમ્પ મંદીર સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બે પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે બન્ને પર્સમાં મોબાઇલ ફોન નંગ-૨, પાવર બેન્ક અને રોકડ રૂપિયા ૬૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૫૦૦/- મતા હતી તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૨૧/૨૦૨૪</u>**

**વટવાઃ** લતાબહેન વા/ઓ મહેશભાઇ જાની (ઉ.વ.૭૦) (રહે. જલારામ પાર્ક સોસાયટી દેવ ભુમી સોસાયટીની બાજુમા સ્મૃતિમંદિર રોડ ઘોડાસર) તા.૨૯/૧૨/૨૦૨૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વટવા દેવભુમિ સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ લતાબહેન જાનીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લતાબહેન જાનીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૨૨/૨૦૨૪</u>**

**સેટેલાઈટઃ** નવી બનતી મોન્ડેલ-૨ નવી બનતી બિલ્ડીંગની અંદર બનાવેલ પતરાના સેડ ખાતે રહેતા અમરેસદાસ સ/ઓ શંકરદાસ તતમા (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ પચરા તા-હિરમ્મા જી-શિવહર બિહાર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૪ સાંજના ૬/૪૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઈટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઈ માધવજીભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** વંદે માતરમ સ્કુલ સામે સુરમઇ રેપડી નગરની ચાલી ખાતે રહેતા જશુભાઇ પ્રહલાદભાઇની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૯/૦૭/૨૦૨૪ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી